શહેરમાં લઘુત્તમ-મહત્તમ તાપમાન એકસમાન

(તસવીર : કશ્યપ નિમાવત)

વરસાદી વાયરાની અસરથી તાપમાનનો પારો પણ પ્રભાવિત : તાપમાન ૨૫ ડીગ્રી નોંધાયું

ગાંધીનગર, તા.૧૦

વરૂણદેવની કૃપાથી સમગ્ર રાજયમાં શ્રીકાર વરસાદના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયું છે. ગાંધીનગરમાં પણ છેલ્લા એક સપ્તાહથી વરસતા વરસાદના લીધે મેઘાવી માહોલ છવાયેલો છે. આજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે રીમઝમ વરસાદ વરસ્યો હતો. જયારે વરસાદી વાયરા વચ્ચે તાપમાનનો પારો પણ વિશેષ રૂપે પ્રભાવિત થયો છે. આજે દિવસ દરમિયાન મહત્તમ અને ન્યુનતમ તાપમાન એક સરખું ૨૫ ડીગ્રી જ રહેવા પામ્યું હતું. નિખરેલી હરિયાળી વચ્ચે નગરજનો પણ ખુશ્નુમા વાતાવરણની મજા માણી રહ્યા છે.

ગાંધીનગરમાં સતત વરસાદના લીધે મૌસમનો નજારો પણ રંગીન બની ગયો છે. મેઘરાજા મહેરબાન થતા શહેરના સેકટરોમાં ચોમેર પાણી પાણી જોવા મળી રહ્યું છે. આંતરિક વિસ્તારોમાં ગારો અને ગંદકી વચ્ચે વરસાદી સમસ્યાઓ ઉભરાતા નાગરિકો હાલાકી વેઠી રહ્યા છે. બીજી તરફ વાતાવરણમાંથી ગરમી અને બફારો અદેશ્ય થઈ જતા નાગરિકો ખુશ્નુમા વાતાવરણની મજા ઉઠાવી રહ્યા છે. આજે પણ દિવસ દરમિયાન આકાશમાં ગોરંભાયેલા વાદળો રીમઝમ વરસાદ વરસાવી ગયા હતા જયારે વરસાદી મોસમના લીધે તાપમાનનો પારો પણ પ્રભાવિત થયો છે. સામાન્ય રીતે ગરમી અને ઠંડીના પારામાં ચઢ-ઉતર સાથે વિશેષ તફાવત જોવા મળતો હોય છે. પરંતુ આજે દિવસ દરમિયાન લઘુત્તમ અને મહત્તમ તાપમાન પણ એકસરખું જ નોંધાયું હતું. ગરમી-ઠંડીનો પારો ૨૫ ડીગ્રીએ સ્થિર થયેલો જોવા મળ્યો હતો જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વિશેષ રહ્યું હતું. સવારે ૧૭૦ ટકા અને સાંજે ૯૬ ટકા ભેજ રહ્યો હતો.

નેશનલ ટેલેન્ટ સર્ચની પરીક્ષા આગામી ૨ નવેમ્બરે યોજાશે

જિલ્લામાંથી પુરતા વિદ્યાર્થીઓ એન.એમ.એમ.એસ. તેમજ એન.ટી.એસ.ની સ્કોલરશીપનો લાભ લેતા નથી

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લામાં એન.ટી.એસ. અને એન.એમ.એસ.એસ.ની પરીક્ષા સંદર્ભે મળતી સ્કોલરશીપનો લાભ પણ પુરતા વિદ્યાર્થીઓ લેતા નથી. જાગૃતિના અભાવે વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપતા નથી. જેના પરિણામે જરૂરી વિદ્યાર્થીઓને તગડી સ્કોલરશીપનો લાભ મળતો નથી. આગામી તા. ૨ નવેમ્બરના રોજ ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે નેશનલ ટેલેન્ટ સર્ચની પરીક્ષા યોજાશે.

નેશનલ મેરિટ કમ મીન્સ સ્કોલરશીપ એન.એમ.એમ.એસ.ની પરીક્ષા ધો. ૮ ના વિદ્યાર્થીઓ માટે લેવામાં આવે છે. આ પરીક્ષામાં ઉત્તિર્ણ થનારા વિદ્યાર્થીઓને મેરિટના આધારે ધો. ૧૨ સુધી સ્કોલરશીપ આપવામાં આવે છે. ભારત સરકાર દ્વારા પ્રતિમાસ રૂ. ૫૦૦ સ્કોલરશીપ પેટે ચુકવવામાં આવે છે. ગત વર્ષે માત્ર ૪૦ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જ્યારે ધો. ૧૦ માં ભણતા વિદ્યાર્થીઓ માટે પણ નેશનલ ટેલેન્ટ સર્ચ એન.ટી.એમ.ની પરીક્ષા લેવામાં આવે છે. જેમાં ઉત્તિર્ણ વિદ્યાર્થીઓને એન.સી.આર.ટી. ન્યુ દિલ્હી દ્વારા ધો. ૧૧ અને ધો. ૧૨ માટે માસિક રૂ. ૧૨૦૦ ની તગડી સ્કોલરશીપ ચુકવવામાં આવે છે. જ્યારે ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે તથા માસિક રૂ. ૨૦૦૦ સ્કોલરશીપ પેટે ચુકવવામાં આવે છે. આગામી તા. ૨ નવેમ્બરના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા એન.ટી.એમ.ની પરીક્ષા લેવામાં આવનાર છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં જાગૃતતાના અભાવે જિલ્લામાંથી પુરતા વિદ્યાર્થીઓ આ પરીક્ષાના માધ્યમ થકી સ્પર્ધાત્મક અભિગમ વિકસાવી શકતા નથી તેમજ સ્કોલરશીપનો લાભ પણ મેળવતા ન હોવાનું ચિંતાજનક પુરવાર થયું છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર ભાજપ મહિલા મોરચાના કાર્યકરો માતરની પેટા-ચૂંટણીમાં શ્રીમતિ હીનાબેન પટેલ, સરોજબેન ઠાકોર સહિતના આગેવાનોની હાજરીમાં છ ગામોનો પ્રવાસ કર્યો હતો.
- ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લાના શિક્ષકોના તેજસ્વી સંતાનોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.
- ગાંધીનગરમાં પખવાડિયુ સરકારી કાર્યક્રમોથી ભરચક બની જવા પામ્યું છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે બપોર બાદ વરસાદે વિરામ લેતાં લોકોએ રાહતનો દમ લીધો છે.
- ગાંધીનગરમાં મેલેરિયાના છુટા-છવાયા કેસો નોંધાવા પામ્યા છે.
- ગાંધીનગરમાં ૧૦ થી વધુ સંખ્યામાં ચોમાસાના કંટ્રોલરૂમોમાં કર્મચારીઓ ચોવીસ કલાક રાઉન્ડ ધી ક્લોક ફરજો બજાવે છે.
- આજે સિવિલ હોસ્પિટલમાં હાયપર ટેન્શન પર મેડીકલ સ્ટુડન્ટન્સ સાથે એક જ્ઞાન ગોષ્ઠીનું આયોજન કરાયું હતું.

અનઅધિકૃત બત્તીઓ અને ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો પર તવાઈ

ટ્રાફીકના નિયમોનું પાલન કરવા સમજ આપતી ૮ હજાર પત્રિકાઓ વહેંચાઈ : ઝુંબેશમાં વાહનોની ફોટોગ્રાફી કરાઈ : ૧૨ હજારનો દંડ વસુલાયો

ગાંધીનગર, તા.૧૦

વાહનો ઉપર ગેરકાયદેસર રીતે મુકવામાં આવેલી લાલ, પીળી અને વાદળી બત્તીઓ દુર કરવા તથા નંબર પ્લેટ પર અનઅધિકૃત લખાણો દુર કરવા જિલ્લા પોલીસ દ્વારા રાખવામાં આવેલી એક અઠવાડીયાની ઝુંબેશમાં ૨ ગાડીઓની બત્તીઓ દુર કરવામાં આવી અને અનઅધિકૃત લખાણ નંબર પ્લેટ પર ચિતરીને ફરતા ૨૫૪ વાહનોના ચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. રૂ. ૧૧,૮૦૦નો દંડ વસુલી ફેન્સી નંબર પ્લેટ રાખનાર ચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા પોલિસ વડા શરદ સિંઘલની સૂચનાથી ગાંધીનગરમાં રાખવામાં આવેલી ડ્રાઈવમાં ૨ ગાડીઓ લાલરંગની બત્તીઓ ગેરકાયદેસર રીતે લગાડેલી મળી આવી હતી. જે પૈકી એકની સ્થળ પર જ બત્તી દૂર કરાવવામાં આવી હતી જયારે બીજી ગાડીના ડ્રાઈવરને બત્તી હટાવી લેવા સમજ આપવામાં આવી હતી તો બીજી તરફ ફેન્સી નંબર પ્લેટ તથા નંબર પ્લેટ ઉપર અનઅધિકૃત લખાણો ચીતરીને ફરતા ૨૫૪ વાહન ચાલકોને ડ્રાઈવ દરમિયાન પકડીને તેમની પાસેથી પોલીસ દ્વારા રૂ. ૧૧,૮૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. જે પૈકી ત્રણ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશ દરમિયાન ફેન્સી નંબર પ્લેટ અને લખાણો વાળી નંબર પ્લેટ ન રાખવા તથા ગેરકાયદેસર બત્તીઓ ગાડી પર ન મુકવા ઉપરાંત ટ્રાફીક નિયમોનું પાલન કરવા સમજ આપતી ૮ હજાર પત્રિકાઓની વહેંચણી પણ કરવામાં આવી હતી તેમજ આવા વાહનોની ફોટોગ્રાફી પણ કરવામાં આવી હતી.

પ્લાન-નકશા મંજૂરીના મામલે મનપામાં હજુ વ્યવસ્થાનો અભાવ

ગુડાએ કામગીરી કોર્પોરેશન હસ્તક કરી : કોર્પોરેશન માળખાગત સુવિધા અને મેનપાવરના અભાવે પાંગળું : મામલો ગુંચવાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં બાંધકામના પ્લાન અને નકશા મંજૂરીની સત્તા ગુડા પાસેથી આંચકી કોર્પોરેશનને સોંપવામાં આવી છે. બીજી તરફ મેન પાવર અને માળખાગત સુવિધાના અભાવ વચ્ચે સમગ્ર કામગીરી જ અટવાઈ પડી છે. અલબત્ત કોર્પોરેશને હાલના તબક્કે આ મામલે હાથ ઉંચા કરી લીધા હોય તેવી સ્થિતિ સર્જાતા બાંધકામના વિકાસ કામોમાં અડચણ ઉભ થઈ છે. આમ નાગરિકો પણ આ નીતિના લીધે દીશા વિહોણા બન્યા છે.

ગાંધીનગર એન્જીનિયર્સ અને આર્કીટેકટ એસોસિએશને આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરમાં બાંધકામના પ્લાન અને નકશાના મંજુરીની પ્રક્રીયા અટવાઈ પડતા અરજદારો દીશા વિહોણા બની ગયા છે. શહેરના કોર્પોરેશન વિસ્તારમાં અત્યાર સુધી ગુડા દ્વારા પ્લાન અને નકશા મંજૂર કરવામાં આવ્યા હતા પરંતુ આ મામલે કોર્પોરેશનને સત્તા સોંપવાનો નિર્ણય લેવાયા બાદ ગુડા દ્વારા આ કામગીરી બંધ કરી દેવાઈ છે. બીજી તરફ કોર્પોરેશન આ જવાબદારી ઉપાડવામાં હજુ અસમર્થ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. કોર્પોરેશનને આ અંગેની નીતિ ઘડવામાં તેમજ મેનપાવર અને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે સમય લાગે તેમ છે. આ સઘળી સ્થિતિ વચ્ચે ગુડા અને કોર્પોરેશનની કચેરી વચ્ચે શહેરમાં બાંધકામ અને પ્લાન નકશા મંજુર કરવાની આખી પ્રક્રીયા અટવાઈ પડી છે. આવા સંજોગોમાં આમ નાગરિકોની રજૂઆત તેમજ માળખાગત સુવિધાઓ અને વિકાસને ધ્યાને લઈ ગુડાએ હાલના તબક્કે આ કામગીરી યથાવત સ્વરૂપે જાળવી રાખવા પણ રજૂઆત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

અંબાજી મંદિર ૧૨મીએ બંધ રહેશે

પાલનપુર, તા.૧૦

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી મંદિર ૧૨મી સપ્ટેમ્બર ૨૦૧૪ ભાદરવા વદ-ચોથ ને શુક્રવારના રોજ બપોરે ૧ વાગ્યાથી મંદિર દર્શન માટે બંધ રહેશે. સાંજની આરતી રાત્રે આશરે ૯ કલાકે થશે જયારે તા. ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૪થી રાબેતા મુજબ મંદિર ખુલ્લું રહેશે.

ગુજરાતમાં હવાઈ સેવા વધારાશે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના વિવિધ સ્થળોએથી વધારાના વિમાનની સેવાઓ શરૂ કરવા અંગે રાજ્યના નાગરિક ઉડ્ડયનમંત્રી સાથે એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ચેરમેન સાથે ચર્ચાઓ કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે આજે રાજ્યના નાગરીક ઉડ્ડયન મંત્રી સૌરભભાઈ પટેલની ચેમ્બરમાં એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ચેરમેન રાહેજા, ડાયરેક્ટર એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા અને કેન્દ્ર સરકારના એવિએશન મંત્રીના અંગત સચિવ તેમજ રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં એવિએશનને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠક અંગેની વિગતો આપતા રાજ્યના નાગરીક ઉડ્ડયન મંત્રીએ જણાવ્યું હતું કે બેઠકમાં ગુજરાતના વિવિધ સ્થળો જેવા કે રાજકોટ, સુરત, ભૂજ ખાતેથી દિલ્હી માટે વધારાના વિમાની સેવાઓ શરૂ કરવા તેમજ સુરત દિલ્હી કલકત્તા અને સુરત બેંગ્લોર, ચેન્નઈ સુધીની ફ્લાઈટનો પણ આગામી સમયમાં ગુજરાતના નાગરિકોને લાભ મળે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત સુરત ખાતે ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ કરવા અમદાવાદથી લંડન અને સુરતથી દુબઈ ખાતેની સીધી આંતરરાષ્ટ્રીય વિમાની સેવા શરૂ કરવા ડીસા અને કેશોદ ખાતેની એરસ્ટ્રીપ ગુજરાત સરકારને સુપરત કરવા અમદાવાદ અને ધોલેરા ખાતે ઈન્ટરનેશનલ એમ.આર.ઓ. સ્થાપના માટે પણ આ બેઠકમાં વિચારણા કરવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટ ખાતે વિમાની મુસાફરી કરતા પ્રવાસીઓને વધારાના એરોબ્રિઝ ઝડપી લગેજ ચેકઈન મેડીકલ સુવિધા અને એ.ટી.એમ. જેવી સુવિધાઓ પણ અસરકારક રીતે મળી રહે તેવી પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

ખેતરો લહેરાયા - ગાંધીનગર શહેરની મધ્યમાં બાજરીનું ખેતર મસ્ત લહેરાય છે... શહેરના નાગરિકો માટે બાજરીનો પાક જોવાનો લ્હાવો અનેરો છે... બાજરીના ડુંડામાં બાજરીના દાણાંના વિકાસની પ્રક્રિયા કુદરતની અલૌકિક લીલાનો ભાગ છે... એક દાણાંમાંથી હજાર દાણાં કરવાની અદભૂત લીલા એ જ પરમ તત્વની કૃપા છે...

Vશાલ સુપર માર્કેટ

સેક્ટર-૬એ, ગાંધીનગર — સમય : સવારે ૯ થી ૧ સાંજે ૪ થી ૯

ફોન નં. ૦૭૯-૨૩૨૪૭૮૮૩, મો. ૯૮૨૪૨ ૭૭૮૮૩

વસ્તુનું નામ	એમ.આર.પી.થી ફાયદો
વાઘબકરી / તાજા ચા - ૧ કિલો.	૧૨
સરગમ ચા - ૧ કિલો	૬૦
અમુલ/સાગર ઘી - ૧લી. ટીન	૧૦
બોર્નવીટા, હોર્લીક્સ, કોમ્પલેન-૧ કિલો	૩૦
મારૂતિ મકાઈ પૌવા - ૫૦૦ ગ્રામ	૭
પાંચ તારા- સાબુદાણા, મોરૈયો, રાજગરા લોટ	૧૦%
ગાય બેસન - ૧ કિલો	૧૦
પારલે, Hide & Seak, પારલે મેરી-૨૫ રૂ. વાળા	૫
પારલે મેન્ગોબાઈટ, પારલે મેલોડી - ૫૦ રૂ. વાળા	૧૦
કોલગેટ - ૨૦૦+૧૦૦ ગ્રામ	૧૦
કોલગેટ ટુથબ્રશ-રૂ. ૪૦ ઉપર	૧૦%
સેન્સોડાઈન ટુથબ્રશ	૨૦%
રામદેવ, એવરેસ્ટ, બાદશાહ, MDH મસાલા પેક	૧૦%
રામદેવ/કિચન એક્સપ્રેસ- મરચુ, હળદર-૧ કિલો	૧૦%
જલારામ સુરતી ગરમ મસાલા	૧૦%
ગીટ્સ/રામદેવ ઈન્સ્ટન્ટ	૫%
લિજ્જત પાપડ	૫%
ગોપાલ/હલ્દીરામ નમકીન	૫%
સફોલા ગોલ્ડ- ૫ લીટર + ૧ લીટર ફ્રી	૨૦%
ફોર્ચ્યુન સન ફ્લાવર-૧૫ લીટર ટીન	૬૨૫
પાર્ક એવન્યુ/વાઈલ્ડ સ્ટોન સાબુ ૧૨૫ ગ્રામ	૧૦%
આર્મી/ટેલીફોન ડીટર્જન્ટકેક	૧૦%
લક્ષ્મણ રેખા ચોક	૨૦%
ગોદરેજ, નુપુર મહેંદી	૧૦%
ફીલીપ્સ ઓલટાઈમ	૫%
કેશકીંગ શેમ્પુ/હેર ઓઈલ	૧૦%
ડવ/સનસીલ્ક/ટ્રેસમી/ક્લીનીક પ્લસ શેમ્પુ ૬૦૦ ml ઉપર	૪૦
રીન સાબુ ૨૫૦ ગ્રામ ટ ૪	૬
કિસાન કેચઅપ - ૧કિલો બોટલ	૨૫
લોટે ચોકોપાઈ - ૬૦ વાળા	૧૦
નોવીનો/એવરેડી પેન્સીલ સેલ /કોલ્ડ ડ્રીન્કસ	૧૦%

બાય-૧ ગેટ-૧ ફ્રી

કિચન એક્સપ્રેસ - અથાણા, ઈન્સ્ટન્ટ, હીંગ ● ગારમેન્ટ વેફર બિસ્કીટ ● સંતુર / ફા ટેલ્કમ પાવડર ● ચીંગસ / વાઈવાઈ હકાનુડલ્સ ● MTR ગુલાબજાંબુ ● Bamboina ગુલાબજાંબુ ● વીકોટરમરીક સેવીંગ ક્રીમ ● હિન્દાલ્કો એલ્યુ. ફોઈલ ● ઈર્ટ સ્ટીલ સ્કબર ● સુપરમેક્સ Swift-3 રેઝર

નોંધ : સ્ટોક હશે ત્યાં સુધી વેચાણ, ભાવ ગમે ત્યારે ફેરફારને આધીન

ભારે વરસાદથી પેટાચૂંટણી મોકૂફ રહેવાની સંભાવના

પરિસ્થિતિની સમીક્ષા બાદ અંતિમ નિર્ણય : કેન્દ્રિય ચૂંટણીપંચ હરકતમાં તમામ ૧૦ મતવિસ્તારોની સ્થિતિનો અહેવાલ મંગાવ્યો

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં ૧ ઉમી સપ્ટેમ્બરના રોજ યોજાનારી લોકસભાની એક અને વિધાનસભાની નવ બેઠકો માટે યોજાનારી ચૂંટણી ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને મુલત્વી રહે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. પેટાચૂંટણીએ યોજવાને આડે હવે માત્ર બે દિવસનો જ સમય બાકી રહ્યો છે ત્યારે ગુજરાતમાં થઈ રહેલા ભારે વરસાદને જોતા કેન્દ્રિય ચૂંટણીપંચ હરકતમાં આવ્યું હોવાનું જાણવા મળે છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવાલે તમામ મતદાન કેન્દ્રોની સ્થિતિનો પ્રાથમિક રિપોર્ટ મોકલવા કલેક્ટરોને સુચના આપી છે. આ ઉપરાંત અનિતા કરવાલ તમામ દસ ચૂંટણી અધિકારીઓ સાથે વીડીયો કોન્ફરન્સ કરી પરિસ્થિતિનો અંદાજ પણ મેળવ્યો હતો. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવાલે તમામ કલેક્ટરોને તેમના વિસ્તારમાં આવતા તમામ મતદાન બૂથોનો રિપોર્ટ આપવા જણાવ્યું છે. વિશ્વામિત્રીમાં પૂરની સ્થિતિના કારણે વડોદરા અને આસપાસના કેટલાક વિસ્તારોમાં લોકોના સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે જો કોઈ વિસ્તારમાં પૂર પીડિતોનું સ્થળાંતર એવી શાળામાં કરવામાં આવ્યું હોય જ્યાં પેટાચૂંટણીનું મતદાન મથક હોય તો જાણ કરવા જણાવાયું છે. આ ઉપરાંત કોઈ મતદાન કેન્દ્રમાં કે તેની આસપાસના વિસ્તારમાં પાણી ભરાયા હોય કે મતદાન કેન્દ્રના મકાનને વરસાદના કારણે કોઈ નુકસાન પહોંચ્યુ હોય તો તાત્કાલીક રીપોર્ટ કરવા સૂચના આપવામાં આવી છે. વિધાનસભાના નવ મતવિસ્તારોમાં પણ ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિની પણ તેમણે સમીક્ષા કરી હતી અને ૧ ઉમી સપ્ટેમ્બરના રોજ વરસાદના સ્થિતિ કેવી રહેશે તે વિશે પણ ચૂંટણી પંચના સત્તાવાળાઓએ હવામાન વિભાગ સાથે તાકીદનો પરામર્શ કર્યો હોવાનું જાણવા મળે છે.

MOTOR ACCIDENT CLAIMS JURISDICTION, MUMBAI
(Notice Under Section 260(1) of Maharashtra Motor Vehicle Act-1989)
APPLICATION NO. 2041/13.
Mr. Dattatray B. Karvir & Otr. ..Applicant.
V/s
Mr. Brijeshkumar Ramkrupal Yadav ...Opponent.
And
Shri Ram Gen. Issu.Co.Ltd. ...Inssurer.
To,
Mr. Brijeshkumar Ramkrupal Yadav,
Add:7, Post, Bajrang Auto Parts, Plot No. 98, Swagat Park, Near Shah Pulp & Paper Mill, Silvasa Rd, GIDC, Vapi, GUJARAT
To,
Where as per the Attached Application, Applicant have lodged Application against you to claim compensation Under Section 166 of Motor Vehicle Act-1988 regarding the mentioned accident Under Section 165 clause (1) of Motor Vehicle Act 1988. Therfore you should remain present in Court No. 6 on 18/09/2014 at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kindly note this.
This Notice issued today on 14/8/2014 with my signature and seal of the judiciary Court.
By Order
For Administrator
M.A.C. Jurisdiction, Mumbai.
9,H.S. Rd., Mumbai-400 001.
SEAL

SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS — R.FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com